## જન્મદિને વધામણી



**મહેશકુમાર ડી રાવલ**
મહામંત્રી, વિસનગરા નાગર પરિવાર, ગાંધીનગર
ફોન : ૨૩૨૩૩૦૬૭



**ડાહ્યાભાઈ એસ મકવાણા**
એન્કર આનંદ લાફિંગ ક્લબ
મો. ૯૯૯૮૮ ૧૦૬૮૯



**રમેશચંદ્ર ગોરધનભાઈ મિસ્ત્રી**
સિનિયર સિવિલ ડ્રાફ્ટ્સમેન
સેન્ટ્રલ પબ્લિક વર્ક્સ ડિપાર્ટમેન્ટ
મો. ૯૯૭૯૦ ૯૮૪૦૯



**લીલાબેન કે ત્રિવેદી**
મો. ૯૪૨૭૭ ૧૪૨૮૮



**ભગવતીબેન બાબુભાઈ પ્રજાપતિ**
ટ્રસ્ટી, શ્રી બ્રહ્માણીકૃપા એજ્યુકેશન ટ્રસ્ટ



**જશોદાબેન રમણભાઈ પટેલ**
મો. ૯૪૨૮૭ ૩૦૬૫૦



**વંદિતા જિજ્ઞેશકુમાર શ્રીમાળી**
મો. ૮૭૩૩૦ ૮૪૭૨૦



**સુરેશકુમાર પસાભાઈ રાવળ**
મો. ૮૧૪૦૯ ૭૧૯૭૩



**સ્રજ પટેલ**
ફોન : ૨૩૨૨૪૬૬૦

### પનઘટ કલા કેન્દ્રની વેબસાઈટનો આરંભ કરાયો

# નૃત્યમ સંસ્થા દ્વારા ભરતનાટ્યમ્‌નો વર્કશૉપ યોજાયો










ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરની નામાંકિત કલા સંસ્થા પનઘટ સંલગ્ન ભરતનાટ્યમ્‌ની નૃત્યસંસ્થા નૃત્યમ દ્વારા તાજેતરમાં એક વર્કશૉપનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનો પૂર્ણાહુતિ કાર્યક્રમ ડૉ. આંબેડકર હૉલ, સૅક્ટર-૧૨ ખાતે યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે પનઘટ કલા કેન્દ્રની વેબસાઈટ પણ લૉન્ચ કરવામાં આવી હતી.

'પગરવ-સ્ટેપીંગ સ્ટોન' નામક આ કાર્યક્રમનો પ્રારંભ ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહા, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના નાયબ સચિવ ભાવેશભાઈ એરડા અને પનઘટ કલા કેન્દ્રના ભાવિનભાઈ પટેલના હસ્તે દીપ પ્રાગટ્યના માધ્યમથી કરવામાં આવ્યો હતો.

કૃષ્ણકાન્ત જહાએ ઉપસ્થિત કલારસિકો અને કલાકારોને ઉદ્‌બોધન કરતાં જણાવ્યું હતું કે ગાંધીનગર એ સાંસ્કૃતિક નગરી તરીકે વિકસી રહ્યું છે ત્યારે નૃત્યમ દ્વારા તેની શોભામાં આજે એક છોગું ઉમેરવામાં આવી રહ્યું છે. નગરજનોમાં કલા અને સંસ્કૃતિ પ્રત્યેનો જે ભાવ વધી રહ્યો છે તે આવકારદાયક છે.

નૃત્યમના શિબિર બાદ આ સમારોહ અંતર્ગત સાંસ્કૃતિક કૃતિઓનું સુંદર પ્રદર્શન કરવામાં આવ્યું હતું. શ્રી ગણેશ મંદિર, મંદિર તારું વિશ્વ રૂપાળું, પરસ તિલાના, ધનાશ્રી તિલાના, મુદ્રાઓ, મધુરાષ્ટકમ, શિવ શંભો સહિતની કૃતિઓમાં અવની, હેલી, રીશ્વા, કેયા, બંસરી, ભમર્મી, હીરલ, અંશુ, દીગિશા, ઈશા, ધરતી અને હની તથા વ્યોમા અને મિતીએ પણ નૃત્યો રજૂ કરીને સૌને મંત્રમુગ્ધ કર્યા હતા.

આ પ્રસંગે ગાંધીનગરના પૂર્વ કલેક્ટર આર એમ જોશી, કલ્ચરલ ફોરમના ટ્રસ્ટી હિરેન ભટ્ટ તથા મોટી સંખ્યામાં કલારસિક નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા અને સંસ્થાનાં વ્યોમા તથા મિતીને શુભકામનાઓ પાઠવી હતી.

### અખિલ ભારતીય એકાંકી નાટ્ય સ્પર્ધા 'ભવાઈ'માં છવાયા

# મુંબઈમાં ગાંધીનગરના કલાકારો ઝળક્યા

### કુંતલ નિમાવત લિખિત એક નાટકનાં બે કલાકારોને શ્રેષ્ઠ અભિનય માટે પ્રમાણપત્ર અને એક નાટક ફાઈનલ સ્પર્ધા સુધી પહોંચ્યું




પ્રતિક્ષા નિમાવત - હાર્દિકા શુક્લ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરના નાટ્યકાર કુંતલ નિમાવત સર્જિત બે નાટકોના માધ્યમથી ગાંધીનગરના કલાકારોએ મુંબઈનું સ્ટેજ ગજવ્યું હતું પરંતુ ભરપૂર પ્રશસ્તિ પણ મેળવી હતી.

યુથ કલ્ચરલ ઍસોસિએશન, મુંબઈ દ્વારા આયોજિત અખિલ ભારતીય એકાંકી નાટ્ય સ્પર્ધાનો પ્રાથમિક રાઉન્ડ ગુરુ-શુક્રવારે પ્રબોધન ઠાકરે મિની ઑડિટોરિયમ ખાતે યોજાયો હતો, જેમાં કુલ ૧૭ જેટલાં નાટકો ભજવાયાં હતાં. આ સ્પર્ધામાં શુક્રવારે ગાંધીનગરનાં બે નાટકો રજૂ થયાં હતાં. કુંતલ નિમાવત લિખિત-દિગ્દર્શિત અંતરે અનંત એકાંત અને કુંતલ નિમાવત લિખિત-પ્રતિક્ષા નિમાવત દિગ્દર્શિત 'એક ગરવો માણસ' દ્વારા ગાંધીનગરના કલાકારોએ પ્રેક્ષકો, કલાકારોની ભરપૂર પ્રશસ્તિ પ્રાપ્ત કરી હતી.

પ્રાથમિક સ્પર્ધાના અંતે 'અંતરે અનંત એકાંત' નાટક ફાઈનલ સ્પર્ધા માટે પસંદ થયું હતું અને 'એક ગરવો માણસ' નાટકમાં અભિનય માટે પ્રતિક્ષા નિમાવત અને હાર્દિકા શુક્લને શ્રેષ્ઠ અભિનય માટેનાં પ્રમાણપત્રો જાહેર થયાં હતાં.

'પંચમ થિયેટર્સ'ના બૅનર તળે રજૂ થયેલા આ નાટકની વિશેષતા એ છે કે નાટકનું નામ 'એક ગરવો માણસ' છે, પરંતુ તેમાં એકપણ પુરુષ પાત્ર નથી. ત્રણ મહિલાઓ અને એક કિશોરી દ્વારા જ સમગ્ર નાટક ભજવવામાં આવે છે. વળી, નાટકનું દિગ્દર્શન પણ મહિલા દ્વારા સંભાળવામાં આવ્યું છે. ધ ગ્રેટ ઍન્ટરટેઈનર્સ ક્લબ (જી ઈ ક્લબ)ના બૅનર તળે પ્રસ્તુત આ નાટકમાં દિગ્દર્શક પ્રતિક્ષા નિમાવત ઉપરાંત રિયા નિમાવત, કરિશ્મા પાટડીયા અને હાર્દિકા શુક્લએ અભિનયનાં અજવાળાં પાથર્યાં હતાં.

રવિવારે પ્રબોધન ઠાકરે ઑડિટોરિયમ ખાતે આ સ્પર્ધાનો ફાઈનલ રાઉન્ડ યોજાયો હતો, જેમાં 'અંતરે અનંત એકાંત' નાટક રજૂ કરવામાં આવ્યું હતું. આ નાટકમાં કરિશ્મા પાટડિયા, દિવ્યકાન્ત વર્મા અને કુંતલ નિમાવત દ્વારા અભિનય આપવામાં આવ્યો હતો. નાટક માટે ગીત પણ કુંતલ નિમાવત દ્વારા લખવામાં આવ્યું હતું, જેને હાર્દિકા શુક્લ દ્વારા સ્વર આપવામાં આવ્યો હતો. ગીત પ્રેક્ષકોમાં ખૂબ વખણાયું હતું. નાટક માટે સંગીત દિવ્યકાન્ત વર્માએ તૈયાર કર્યું હતું, સંગીત સંચાલન ફાલ્ગુન નંદાએ, લાઈટ સંચાલન મયુર ભાટિયાએ કર્યું હતું તથા નેપથ્યની જવાબદારી પર્વ નિમાવત અને મુંબઈ શહેરના યુવા કલાકાર ઋષભ બુચ, યશ બારોટ, હેતા ભાવસાર દ્વારા અદા કરવામાં આવી હતી.

# સે. ૨ સ્વામિનારાયણ મંદિર ખાતે આજથી પંચાન્હ રાત્રીય પારાયણ

ગાંધીનગર, તા. ૩૦

શ્રી નરનારાયણ દેવ દેશ તાબાના શ્રી સ્વામિનારાયણ મંદિર, સૅક્ટર-૨ ખાતે શ્રી નરનારાયણ યુવક મંડળ દ્વારા તારીખ ૩૧ મે, મંગળવારથી શનિવાર, તા. ૩૧ મે દરમ્યાન શ્રી ધીરજાખ્યાન પંચાન્હ રાત્રીય પારાયણનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પારાયણનું આયોજન યુવાનોને ધર્મ તથા સમાજ પ્રત્યેની સેવા માટે જાગૃત કરવા અર્થે અને સત્સંગ પ્રત્યેનું મનોબળ દઢ કરવા માટે કરવામાં આવ્યું છે. ગાંધીનગર તેમજ આસપાસનાં ગામોનાં યુવાઓ મોટી સંખ્યામાં આ પારાયણમાં જોડાઈ રહ્યા છે. સત્સંગ પરિવાર સાથે જોડાયેલા તમામ ભાવિકોને આ પારાયણનો લાભ લેવા યુવક મંડળ તથા મંદિર તરફથી આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# જેઈઈની તૈયારી માટે ગુજરાતી ભાષામાં એપ

ગાંધીનગર, તા. ૩૦

દેશની પ્રતિષ્ઠિત ઈન્સ્ટિટ્યૂટ આઈઆઈટીમાં પ્રવેશ માટે લેવાતી જોઈન્ટ એન્ટ્રન્સ એક્ઝામ(જેઈઈ)ની તૈયારી માટે આઈઆઈટીના વિદ્યાર્થીઓની મદદથી એપ તૈયાર કરવામાં આવશે. કોચિંગ સેન્ટરોનો પ્રભાવ ઘટાડવાના હેતુથી માનવ સંસાધન વિકાસ મંત્રાલય આઈઆઈટીના વિદ્યાર્થીઓ પાસેથી વિવિધ વિષયો પરના મોડ્યુલ્સ ક્રિએટ કરાવવા વિચારી રહ્યું છે. મંત્રાલય આઈઆઈટી-પાલ એપ તૈયાર કરવા વિચારી રહ્યું છે, જેમાં જેઈઈની તૈયારી કરવા માગતા વિદ્યાર્થીઓ માટે મફત હાઈ-ક્વૉલિટી સ્ટડી મટીરિયલ તૈયાર કરાશે. ગુજરાતી સહિતની ૧૧ ભાષામાં આ મટીરિયલ તૈયાર કરવાનું આયોજન છે, જેમાં અંગ્રેજી, હિન્દી, બંગાળી, તમિલ, તેલુગુ, ઓડિયા, કન્નડ, મલયાલમ, મરાઠી અને પંજાબીનો સમાવેશ છે. આઈઆઈટીના બીજા વર્ષમાં ભણતા વિદ્યાર્થીઓ, પ્રોફેસરના માર્ગદર્શન હેઠળ આ મટીરિયલ તૈયાર કરશે.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
ફોબિયા
૧૨.૩૦, ૬.૩૦
વીરપ્પન
૩.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
એન્ગ્રી બર્ડ (અંગ્રેજી ૩ડી)
૧૧.૧૫, ૧.૧૫, ૮.૦૦
એન્ગ્રી બર્ડ (હિન્દી ૩ડી)
૩.૧૫, ૧૦.૦૦
એક્સ-મેન (૩ડી) અંગ્રેજી
૫.૧૫

**સ્ક્રીન-૪**
સરબજીત
૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
અઝહર
૬.૧૫

**સ્ક્રીન-૫**
વીરપ્પન
૧૨.૩૦, ૬.૪૫
ફોબિયા
૩.૩૦, ૧૦.૦૦

## પ્રેરણા વિદ્યાલયનો વિદ્યાર્થી બૉર્ડની પરીક્ષાના પરિણામમાં જિલ્લામાં ઝળક્યો



ગાંધીનગર, તા. ૩૦

શિક્ષણ બૉર્ડ દ્વારા ગત માર્ચ માસમાં લેવાયેલી ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષામાં પ્રેરણા વિદ્યાલયના ૪૬ વિદ્યાર્થીઓ પૈકી ૩૬ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે. શાળાનું પરિણામ ૭૮.૨૬ ટકા આવ્યું છે.

પ્રેરણા વિદ્યાલયના પાસ થયેલા વિદ્યાર્થીઓ પૈકી હેમાંગ અજયકુમાર ઠાકરે જિલ્લામાં દ્વિતિય સ્થાન પ્રાપ્ત કર્યું છે. હેમાંગને ઈકોનોમિક્સમાં ૯૬, સ્ટેટેસ્ટીક્સમાં ૯૭, ઍકાઉન્ટમાં ૯૬, કૉમ્પ્યુટરમાં ૯૫, અંગ્રેજીમાં ૭૬, ગુજરાતીમાં ૭૮ તથા બીએમાં ૮૧ ગુણ પ્રાપ્ત કરી શાળાનું નામ રોશન કર્યું છે.

હેમાંગ તથા શાળાના ઉત્તીર્ણ થયેલા તમામ વિદ્યાર્થીઓને ટ્રસ્ટી પ્રદીપસિંહ બિહોલા તથા આચાર્ય મનિષભાઈ ખત્રી દ્વારા શાળા પરિવાર વતી અભિનંદન પાઠવ્યા છે.

# રાગ-રંગથી દૂર જીવતા નરકમાં જિંદગી વિતાવી નાખનારા એ લોકો હલકાં અને ઊંચા ગણાઈએ આપણે ?




જ્ઞાનપીઠ ઍવોર્ડથી સન્માનિત અને ગુજરાતનું ગૌરવ શ્રી રઘુવીર ચૌધરીને હવે આખું ભારત ઓળખે છે. એમનું તમામ સાહિત્ય સર્જન ઉત્કૃષ્ટ છે એમાં બેમત નથી. ચાહે તે નવલકથા હોય, નવલિકા હોય, રેખાચિત્રો હોય કે કવિતા. એમનું સંવેદનશીલ હૃદય સમાજના દરેક વર્ગના પ્રશ્નોને અને પરિસ્થિતિને પોતાના સર્જનોમાં ઉતારી દે છે અને તે ચિત્રો આપણી સમક્ષ રજૂ કરે છે. ત્યારે એમનીપ સર્જક તરીકેની બહુમુખી પ્રતિભાને આપણે કંઈક અંશે અનુભવી શકીએ છીએ.

અહીં પ્રસ્તુત કવિતા એમના કાવ્યસંગ્રહ 'વહેતાં વૃક્ષ પવનમાંથી' પસંદ કરી છે. કદાચ સરસ્વતી પહોંચશે... વાંચીને ક્ષણભર માટે મારાં રૂંવાડાં ઊભાં થઈ ગયાં હતાં. એટલી તીવ્ર સંવેદનાસભર આ કવિતા વાંચીએ ત્યારે સમજાય કે આપણે ક્યાં ઊભા છીએ? આટલી બધી પ્રગતિ અને જાહોજલાલી વચ્ચે આખું વિશ્વ ઊભું છે ત્યારે પણ આપણને લાગે છે કે આપણે હજુ ત્યાંના ત્યાં જ છીએ.

ગામના છેવાડાના ઘરમાં સરસ્વતીએ જન્મ લીધો છે અને સાબરમતીનો વળાંક છલકાવી દીધો છે. થોડીક રૂપાળી અને થોડીક ચબરાક અને થોડીક હિંમતવાળી એવી સરસ્વતી ઝટપટ ઘરનું કામકાજ પતાવીને વહેલી વહેલી નિશાળામાં પહોંચે છે અને છેક છેલ્લી બેસે છે.

બાપ ચમાર છે અને ગરીબ ઘરની દીકરીને પરણાવવાનાં અને પોતે દાદા બનવાનાં સપનાં જુએ છે. પણ દીકરીના બાપ તરીકે એની ચિંતા ઘણી મોટી છે - વાડ કૂદીને કોઈ જાનવર ન આવી જાય તેની. સરસ્વતી મોટી થતી જાય ચે અને હવે આવતા વૈશાખમાં કંકોતરી લખવા ધારે છે એનો બાપ ત્યારે મોટી દીકરીએ વખ ઘોળ્યું હતું તે ઘટના ભૂલવા મથે છે. 'દીકરીનું હરણ થાય નહીં તેવી સાવચેતી રાખવાની.' સૌ સારાં વાનાં થશે તો દીકરીને હાથે મીંઢળ બંધાશે અને કદાચ સરસ્વતી પહોંચશે...

આજની ઘડીએ પણ છાતી ઠોકીને આપણે કહી શકીએ એમ છીએ ખરા કે ચોક્કસ સરસ્વતી પહોંચશે...

આપણાં આંગળાં ચોખ્ખાં ચણાક કરી જીવતર આખું ગંદકીમાં કાઢી નાખનારા એ છેવાડાના લોકો અને ઉજળિયાત ગણાઈએ આપણે?

સૌની નજરથી દૂર આપણા મોજશોખ, રાગ-રંગથી દૂર જીવતા નરકમાં જિંદગી વિતાવી નાખનારા એ લોકો હલકાં અને ઊંચા ગણાઈએ આપણે?





આખા ગામની ગંદકી જ્યાં ઠલવાય તે નાળાના કિનારે છેવાડાના ઘરમાં જ્યારે-જ્યારે પણ સરસ્વતી જન્મ લે છે ત્યારે એના બાપને હજુ આજે પણ ચિંતા છે કે મારી સરસ્વતી પહોંચશે ખરી?

આજે પણ આપણાં છાપાં ઉભરાય છે અપહરણના બનાવોથી, બળાત્કારની ઘટનાઓથી અને જાતજાતની અમાનવીય ક્રૂરતાના સમાચારોથી.

આપણે સૌ કોઈ આપણી સરસ્વતીને તો જીવની જેમ સાચવી લઈએ છીએ પણ બીજાની સરસ્વતીની સ્હેજ પણ ચિંતા કરતા નથી. કાળજું કંપી જાય એવી ઘટનાઓ આપણા માટે માત્ર ઘટના જ બની રહે છે ત્યારે જેમના માથે વીતે છે તેઓ કશુંક નરક જેવું જીવન વિતાવી જાય છે. એ વાત આપણે સમજી શકતા નથી. એમની કમનસીબી સાથે આપણને કંઈ લાગતું-વળગતું નથી. તેથી આપણી પ્રગતિ કે આધુનિકતા માત્ર દેખાવની જ બની રહે છે. એમાં સાચું ગૌરવ કે પ્રતિષ્ઠા જણાતી નથી.

**કદાચ સરસ્વતી પહોંચશે**

ગામના છેવાડા ઘરમાં
જન્મ લીધો છે સરસ્વતીએ
પછીત પાસેનો વળાંક
છલકાવી દીધો છે સાબરમતીએ
નથી એ ગોરી ચાંદની શી
કે નથી ચમકતી કાલિન્દી શી
થોડીક રૂપાળી ને બોલવેચાલવે સારી
અંધારેથી અજવાળે
એકલી જવાની તૈયારી
વહેલી પહોંચીને છેલ્લી બેસે નિશાળમાં
ક્યાં ઝાઝું પાણી હોય છે ખાળમાં?
ઓળંગે નિરાંતે
ને વળે જાત સાથે વાતે.
ઘેર આવી કામ કરે,
સપનામાં આરામ કરે.
બે માસથી મા બીમાર છે,
મોટીના મોતનો ભાર છે.
બાપ વેતરે ને સીવે
શું કરે? ચમાર છે.
હારી નહિ જાય, ઉછેરશે એકલો,
ભણાવશે, પરણાવશે,
નમાયી દીકરીનું દુ:ખ ભુલાવશે.
રૂપિયો ને રૂમાલ લઈ
એને સાસરે જઈ આવશે.
સરસતી હાલરડું ગાશે
પોતે દાદા કહેવાશે.
લહેરાઈ રહી છે સાબરમતી સામી પારથી,
વસંત નમી છે આંબાની ડાળથી.
વધુ નમણી બની છે આંખો સરસ્વતીની,
લખવી છે કંકોતરી આવતા વૈશાખમાં,
સવારસાંજ ઉછેરાતી આશમાં
બાપની મજૂરી થતી જાય બમણી.
માનથી બોલાવે છે બધા ઘરાક દીકરીના બાપને,
ચમાર ભૂલી ગયો છે હવે મોટીના વિલાપને.
હા, આ બાજુ પાળ છે,
વાંઘા તરફ થોરની વાડ છે.
દીકરી માથે પામશે ઈચ્છાવર,
હવે નહીં આવે કોઈ બાજુથી જાનવર
સરસ્વતી સજાવી રહી છે ઘર,
મામાએ મોકલ્યું છે પાનેતર,
શીખ સાથે :
સંભાળજે જરા, દીકરી દૂર જા નહિ,
સૂના ઘેરથી સમી સાંજનું હરણ થાય નહિ.
લગનની ચોરીમાં કોઈનું મરણ જોવાય નહિ.
સામાન મુકાય છે ઠેરઠેર.
ભુલાતું જાય છે મોટીએ પીતાં વધેલું ઝેર.
થોડી દિવસમાં પહેલો વરસાદ થશે,
ઉચાટ શમી જશે,
નાના જીવને પાંખ આવશે,
ડાબે હાથે મીંઢળ બંધાશે,
કશું જ અજુગતું નહીં બને
ને કદાચ સરસ્વતી પહોંચશે -